2462-95

તાત્કાલિક/સમય મર્યાદા/

ક્રમાંક :– ઉમબ/ઉમા.૮–૯/૨૦૧૬/
કમિશ્નર, શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯/૧ , ડો. જી. મ.ભવન,
ગુ.રા.ગાંધીનગર તા.[illegible]/૪/૨૦૧૭

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષય :– શિ.વિ.ના તા. ૧–૮–૧૧ ના ઠરાવની જોગવાઈ અનુસાર વર્ગ–૪ સાથી સહાયકની આઉટસોર્સીંગથી ભરતી કરવા બાબતની માર્ગદર્શક સુચનાઓ

સંદર્ભ :– ૧. આ કચેરીના તા.૨૦–૨–૨૦૧૫ ના સમાનાંકી પરિપત્ર ક્રમાંક ૬૯૫–૭૨૦
૨. શિ.વિ.ના તા. ૨–૨–૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક બમશ/૧૧૧૪/સી.સી.૨૮/ગ.
૨. માન. મંત્રીશ્રી– શિક્ષણ સમક્ષ તા. ૩–૩–૨૦૧૭ ની સંકલન સમિતિની બેઠક ના અનુસંધાને

ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં જણાવવાનુ કે, શિક્ષણ વિભાગના તા. ૧–૮–૧૧ ના ઠરાવની જોગવાઈ અનુસાર વર્ગ –૪ સાથી સહાયક ની આઉટ સોર્સીંગથી સેવા લેવા માટે વિગતવાર સુચના સાથેનો પરિપત્ર આ કચેરીના તા. ૨૦–૨–૨૦૧૫ ના સંદર્ભિત પરિપત્રથી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને જાણ કરવામાં આવેલ છે.

માનનીય મંત્રીશ્રી– શિક્ષણ સમક્ષ ની તા. ૩–૩–૨૦૧૭ ની સંકલન સમિતિની બેઠકમાં ઉકત આઉટ સોર્સીંગથી કર્મચારીઓ મળતા નથી અને કામગીરી ખોરંભે પડે છે જેથી સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ અનુસાર આઉટ સોર્સીંગમાં જે પગાર ચૂકવવામાં આવે છે તેટલા પગાર ની મર્યાદામાં શાળા સંચાલક મંડળ પોતાની રીતે આઉટ સોર્સીંગથી વર્ગ–૪ કર્મચારી તરીકે બિન કુશળ શ્રમયોગીની સેવાં મેળવે અને તે રકમને ગ્રાંટના હેતુમાટે માન્ય રાખવાની રજુઆત કરેલ છે જેના અનુસંધાને નીચે મુજબ માર્ગદર્શક સુચનાઓ આપવામાં આવે છે.

ઉકત વિગતે સરકારશ્રીના શિ.વિ.ના તા. ૨–૨–૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક બમશ/૧૧૧૪/સી.સી..૨૮/ગ. ની જોગવાઈ અનુસાર બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ–૪ બિન કુશળ શ્રમયોગીનુ મળવાપાત્ર સંખ્યાબળ પ્રમાણે બિન કુશળ શ્રમયોગીની સેવા લેવાની કાર્યવાહી કરવાની રહેશે.

૧. તા. ૨–૨–૨૦૧૬ ના ઠરાવ ની જોગવાઈ અનુસાર મળવાપાત્ર બિન કુશળ શ્રમયોગી ની દરખાસ્ત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીને કરવાની રહેશે અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ પૂરતી ચકાસણી કરી, નિયમાનુસારની કાર્યવાહી કરી, બિન કુશળ શ્રમ યોગીની સેવા લેવાની મંજુરી આપવાની રહેશે.

૨. શિ.વિ.ના તા. ૨–૨–૨૦૧૬ ના ઠરાવની જોગવાઈ અનુસાર મળવાપાત્ર બિન કુશળ શ્રમયોગીની જગ્યા ઉપર પ્રથમ જિલ્લાના વધના કર્મચારીઓને કામગીરી ફેરફારથી સમાવવાના રહેશે . જો જીલ્લામાં વધના કર્મચારી ન હોય ત્યારે જ જિ.શિ.અધિ.શ્રીની પૂર્વ મંજુરી મેળવી બિન કુશળ શ્રમ યોગીની સેવા લેવાની રહેશે.

૩. બિન કુશળ શ્રમયોગીની સેવા લેવા બાબતે શિ.વિ.ના તા. ૨–૨–૨૦૧૬ ના ઠરાવની જોગવાઈ અનુસાર કલેકટરશ્રીએ માન્ય કરેલ એજન્સી પાસેથી બિન કુશળ શ્રમયોગીની કામગીરી લેવાની રહેશે.

૪. પ્રાથમિક નોકરી દાતા શાળા સંચાલક મંડળ હોઈ શાળા સંચાલક મંડળે સરકારશ્રીના આઉટ સોર્સીંગના નિયમો અનુસાર કાર્યવાહી કરવાની રહેશે. બિન કુશળ શ્રમયોગીની તમામ જવાબદારી શાળા સંચાલક મંડળની રહેશે .

૫. બિન કુશળ શ્રમ યોગીની સેવા આઉટ સોર્સીંગના નિયમો અનુસાર કરવાની હોવાથી બિન કુશળ શ્રમયોગી સરકારશ્રીના કોઈ લાભ મેળવવા હકક દાર નથી અને હકકદાર બનશે પણ નહી.

૬. શાળા સંચાલક મંડળે દર માસે બિન કુશળ શ્રમ યોગીની સેવાનુ બીલ બનાવી , જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કાઉન્ટ સાઈન કરાવી , શાળાના પગાર અનુદાન તરીકે મંજુર કરવાનુ રહેશે.

૭. સરકારશ્રીના ઈન્કમટેક્ષ, ટી.એસ.એસ. , સર્વિસ ટેક્ષ , પ્રમાણે જે નિયમાનુસાર કાર્યવાહી કરવાની થતી હોય તે કાર્યવાહી શાળા સંચાલક મંડળે કરવાની રહેશે.

આ સાથે શિ.વિ.ના તા. ૨–૨–૨૦૧૬ ના ઠરાવ ની નકલ સામેલ રાખી મોકલી આપવામાં આવે છે.

<u>બીડાણ: શિ.વિ.નો તા.૨–૨–૧૬ નો ઠરાવ</u>

નિયામક
શાળાઓની કચેરી,ગાંધીનગર

૧૦૬૩

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
૨૧૦૮
આ. નં. ........ ૨૧.૪.૧૮
..................